# કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત

# એડ્મિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ, ગુજરાત

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.

## ડિપ્લોમા એન્જિનિયરિંગ પછી ડિગ્રી એન્જિનિયરિંગ (BE/B.Tech.) ના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં પ્રવેશ માટે અને ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં પ્રવેશ માટે DDCET-૨૦૨૫ પરીક્ષા : શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬

શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ડિપ્લોમા ઇજનેરી પછી ડીગ્રી ઇજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડીગ્રી ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઉપલબ્ધ સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકો પર પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા ઓફલાઇન પ્રવેશ પરીક્ષા (DDCET-2025) લેવાનુ ઠરાવેલ છે.

**DDCET-2025 યોગ્યતા:**

- જે તે પ્રવેશ વર્ષ માં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે ૦૫ ટકા બેઠકો માટે સમગ્ર દેશમાંથી માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા પાસ કરનાર વિદ્યાર્થીઓ (ઉક્ત બાબતે છેલ્લા સેમેસ્ટરમાં ઉપસ્થિત ઉમેદવારો લાયક રહેશે.)
- અગાઉના વર્ષોમાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા પાસ કર્યું હોય અને ડિગ્રીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો
- AICTE ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી Bachelor of Science અને Diploma Vocational ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ
- હાલના પ્રવર્તમાન નિયમો અન્વયે બહારના રાજ્યમાંથી બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થીઓ
- જે ઉમેદવારોએ ડિપ્લોમા પુર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમેસ્ટર ૧ થી ૬) તેમજ ડીપ્લોમા ફાર્મસી નાં પ્રથમ અથવા દ્વિતીય વર્ષનાં બાકી રહેતા વિષયોની પરિક્ષા આપેલ હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોય તેવા ઉમેદવારો પણ DDCET પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે.
- વધુ વિગતો માટે સમિતિની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ કરવામા આવતા પ્રવેશ નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**DDCET પરીક્ષા નું માળખું:**

- ઉક્ત પરીક્ષાનું માળખું નીચે મુજબનું રહેશે.
- દરેક સાચા જવાબ માટે બે ગુણ આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ માટે અને એકથી વધુ પ્રયાસ કરેલા જવાબ માટે 0.5 (અડધા) ગુણ બાદ કરવામાં આવશે તેમજ પ્રયાસ ન કરેલ પ્રશ્ન માટે શૂન્ય માર્ક ગણવામાં આવશે. ફાઇનલ મેળવેલા ગુણના આધારે મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને તેને અનુરૂપ રેન્ક તૈયાર કરવામાં આવશે.
- DDCET ની પરીક્ષા રાજ્યમાં વિવિધ સેન્ટર ખાતે ઓફલાઈન – Paper Based Test (PBT) હાથ ધરવામાં આવશે.

**DDCET EXAM STRUCTURE**

| Program | Paper No. | Paper | No. of question | Maximum Marks | Time Duration in minutes |
|---|---|---|---|---|---|
| Engineering and Technology | BE 01 | Basics of Science and Engineering | 50 | 100 | 150 (Two and Half Hours) |
| | BE 02 | Aptitude Test (Mathematics and Soft Skill) | 50 | 100 | |
| | Total | | 100 | 200 | |
| Pharmacy | BPH 01 | Basic of Pharmacy | 80 | 160 | 150 (Two and Half Hours) |
| | BPH 02 | Aptitude Test (Soft Skill) | 20 | 40 | |
| | Total | | 100 | 200 | |

**રજિસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા નિયત સમયમર્યાદામા પૂર્ણ કરવાની રહેશે. અને રજિસ્ટ્રેશન ફી ₹૨૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન મોડ દ્વારા ચુકવવાની રહેશે.
- ઉમેદવારે કોઇપણ ડોક્યુમેન્ટ રુબરુ આપવાની અથવા તેની રુબરુ ચકાસણી કરાવવા જવાની જરુર નથી. પ્રવેશ પરીક્ષા (DDCET-2025) ના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન છે.
- જે ઉમેદવાર પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓનલાઇન પ્રવેશ લેવા માગતા હોય તેઓએ પ્રવેશ પરીક્ષા (DDCET-2025) માટે રજિસ્ટ્રેશન કરાવેલ હોવુ તેમજ પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરુરી છે. ઉમેદવારો ખાસ ધ્યાન આપે કે આ સિવાય રજિસ્ટ્રેશન માટે નો બીજો કોઇ વિકલ્પ ઉપલબ્ધ નથી.

**રજિસ્ટ્રેશનની વેબસાઈટ:** www.gujacpc.admissions.nic.in

**મહત્વની તારીખો:**

- રજિસ્ટ્રેશન શરૂઆત: ૨૭.૦૧.૨૦૨૫ ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યેથી
- રજિસ્ટ્રેશન પૂર્ણ: ૩૦.૦૩.૨૦૨૫ ના રોજ મધરાતે ૧૨:૦૦ વાગ્યે
- અવેરનેસ કાર્યક્રમ: ૦૬.૦૨.૨૦૨૫ થી ૨૮.૦૨.૨૦૨૫
- એડમિટ કાર્ડ ડાઉનલોડ : ૧૦.૦૪.૨૦૨૫ થી ચાલુ
- DDCET-2025 પરીક્ષા: ૧૯.૦૪.૨૦૨૫

**પરીક્ષા કેન્દ્રો:**

- DDCET તમામ જિલ્લાઓમાં ફેલાયેલા પરીક્ષા કેન્દ્રોમાં હાથ ધરવામાં આવશે. ઉમેદવારોને તેમની પસંદગીના ક્રમમાં કોઈપણ ત્રણ પરીક્ષા શહેરો પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.
- ઉમેદવારોને સલાહ આપવામા આવે છે કે લોગ-ઇન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે પ્રવેશ સમિતિની વેબસાઇટની નિયમિત મુલાકાત લેશો.
- ઉમેદવારોને જણાવવામાં આવે છે કે ડિપ્લોમા થી ડિગ્રી પ્રવેશ માટે અલગ થી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે.

**પ્રવેશ પ્રક્રિયા માટે ACPC દ્વારા ઓનલાઇન સુવિધાઓ**

| સુવિધાનો પ્રકાર | ઉપલબ્ધ પ્રવૃત્તિઓ |
|---|---|
| Website : acpc.gujarat.gov.in | DDCET-2025 અભ્યાસક્રમ, જૂના પ્રશ્નપત્ર અને તેમની Answer-keys |
| | નોટિફિકેશન્સ, લાયકાત અને મેરીટ તૈયાર કરવાં માટે ના નિયમો, નોટિસ અને તમામ પ્રકારની જાહેરાતો અને સમગ્ર પ્રવેશ પ્રક્રિયા, ઇ-બુકલેટ વગેરેને લગતા updates. |
| | સંસ્થાઓ અને ઓફર કરવામાં આવતા અભ્યાસક્રમોની યાદી |
| | નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સની યાદી |
| | પ્રવેશનો કાર્યક્રમ, કોમન મેરિટ લિસ્ટ, કટ-ઓફ માર્ક્સ, પ્રવેશ ફાળવણીનું પરિણામ અને વિશ્લેષણ વગેરે. |
| Website : www.gujacpc.nic.in | DDCET પરીક્ષાનું રજિસ્ટ્રેશન, ઓનલાઇન એડમિશન રજિસ્ટ્રેશન, રજિસ્ટ્રેશન ફીની ચુકવણી, એડમિટ કાર્ડ ડાઉનલોડ. |
| | ચોઇસ ફિલિંગ |
| | પ્રવેશ ફાળવણી, પ્રવેશ કન્ફર્મેશન અને રદ કરવા (જો જરૂરી હોય તો) |
| | પ્રવેશ કન્ફર્મેશન માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર (તમામ કામકાજના દિવસો માટે સવારે ૧૧થી સાંજના ૫ વાગ્યા સુધીનો સમય) | પ્રવેશ પ્રક્રિયા માટે વિના મૂલ્યે ઓનલાઇન એક્સેસ પ્રદાન કરવું |
| | પ્રવેશ પ્રક્રિયા ને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| Helpline | **079-26566000** પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે. (સમય : સવારે ૦૮થી મધરાતે ૧૨ વાગ્યા સુધી) |
| સમિતિ પાસે ઉપર જણાવેલ સિવાયની અન્ય કોઈ વેબસાઇટ નથી. | |
| પ્રવેશ પ્રક્રિયાની તમામ નવીનતમ માહિતી અને અપડેટ્સ માટે નિયમિત રીતે ACPCની ઉપરોક્ત વેબસાઇટ્સ તમામ પ્રવેશ ઉત્સુક ઉમેદવારો, તેમના માતાપિતા અને શુભેચ્છકોને જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે. | |

**વિશેષ નોંધ:. AICTE ના પ્રવર્તમાન નિયમો અન્વયે કોઇપણ વિધ્યાશાખામા ડિપ્લોમા ઇજનેરી ધરાવતા ઉમેદવારો ડિગ્રી ઇજનેરીની કોઇપણ વિધ્યાશાખામા પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ માટે સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમ અનુસાર DDCET -2025 ના ગુણ ના આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે .**

તા.: ૨૨/૦૧/૨૦૨૫

– મેમ્બર સેક્રેટરી

**HELP LINE NO.: (079) 26566000 ( Time: 08am to 12 midnight)**